1. શાહજહાંનાબાદ કોણે વસાવ્યું? આજે તે કયા નામે ઓળખાય છે ?

➢ શાહજહાંનાબાદ શાહજહાંએ વસાવ્યું, શાહજહાંએ દિલ્લી પાસે 'શાહજહાંનાબાદ' નામના નગરનો પાયો નાખ્યો. તે આજે "લાલ કિલ્લા" વિસ્તારના નામથી ઓળખાય છે.

2. હુમાયુને શા માટે ઈરાનના શાહને શરણે જવું પડ્યું?

➢ બંગાળ અને બિહારના પ્રદેશો હાથમાંથી સરી જતાં હુમાયુ સાવધાન થયો. તેણે શેરશાહ સામે યુદ્ધ કરવાની તૈયારી કરી. ઈ. સ. 1540ના કનોજના યુદ્ધમાં હુમાયુનો પરાજય થયો. સિંધ અને પંજાબમાં રખડીને છેવટે તેને ઈરાનના શાહને શરણે જવું પડ્યું.

3. આમેરનો રાજા ઉદયસિંહને બદલે અકબરની આધીનતામાં કઈ રીતે આવી ગયો ?

➢ ઈ. સ. 1562માં અકબરે ખામેરના રાજા ભારમલ (બિહારીમલ) ની પુત્રી સાથે લગ્ન કરી ભારમલના પુત્ર ભગવાનદાસ અને પોત્ર માનસિંહને પોતાના દરબારમાં અગત્યનાં સ્થાનો આપ્યાં. આથી આમેરનો રાજા ઉદયસિંહને બદલે અકબરની આધીનતામાં આવી ગયો.

4. શેરશાહે જમીન મહેસુલ કઈ રીતે નક્કી કર્યું?

➢ શેરશાહે ટોડરમલ નામના અધિકારીની મદદથી રાજ્યની તમામ જમીનની માપણી કરાવી. તેણે જમીનની ઊપજ પ્રમાણે જમીન મહેસુલની પદ્ધતિ અપનાવી. જમીનનો પ્રકાર અને ઊપજની સરાસરી કાઢી તેણે જમીન – મહેસૂલ ઉઘરાવવા માટે જે કોષ્ટક નક્કી કર્યું હતું, તે મુજબ જ જમીન-મહેસૂલ ઉઘરાવવામાં આવતું.

5. અકબરે ક્યા કયા સામાજિક સુધારાઓ કયાં હતા ?

➢ અકબરે કરેલા સામાજિક સુધારાઓ નીચે પ્રમાણે છે : તેણે સતી થવાના રિવાજને નાબુદ કરવા પ્રયત્ન કર્યો. તેણે બાળલાનોની મનાઈ ફરમાવી. વિધવાવિવાહને ઉત્તેજન આપ્યું. આંતરજ્ઞાતીય લગ્નોનું સમર્થન કરી કોમી ભેદભાવ મિટાવવાના પ્રયત્નો ક્યાં.

6. ઔરંગઝેબે કઈ રીતે રાજગાદી મેળવી હતી ?

➢ શાહજહાને 14 સંતાનો હતાં, જે પૈકી ચાર પુત્રો હતા : દારા, શુજા, ઓરંગઝેબ અને મુરાદ. શાહજહાંની હાજરીમાં જ તેના પુત્રો રાજગાદી માટે એ કબીજા સાથે લડવા લાગ્યા. ઓરંગઝેબે શાહજહાંને આગરામાં કેદ કર્યો અને ત્રણેય ભાઈઓની હત્યા કરી. આ રીતે તેણે છળ કપટ અને દગાથી રાજગાદી મેળવી.

7. મુઘલ યુગની કઈ પ્રતિભાસંપન મહિલાઓ ઉલ્લેખનીય છે ?

➢ મુઘલ યુગની પ્રતિભાસંપન્ન મહિલાઓમાં ગુલબદન બેગમ, નૂરજહાં, ચાંદબીબી, મુમતાજમહલ, રોશનખારા, ઝન્નીસા જેવી મુસ્લિમ મહિલાઓ અને તારાબાઈ, રાણી દુર્ગાવતી, જીજાબાઈ જેવી હિન્દુ મહિલાઓ ઉલ્લેખનીય છે.

8. અકબરે કઈ કઈ ઈમારતોનું નિર્માણ કરાવ્યું હતું?

➢ અકબરે નિર્માણ કરાવેલી ઈમારતો : હુમાયુનો મકબરો, આગરાનો કિલ્લો, ફતેહપુર સીકરીમાં જામે મસ્જિદ, નગીના મસ્જિદ, શેખ સલીમ ચિસ્તીની કબર ; બિરબલ, બીબી મરિયમ અને જોધાબાઈના મહેલો, બુલંદ દરવાજો, દીવાને આમ, દીવાને ખાસ, પંચમહલ વગેરે.

9. ભારતના ઈતિહાસમાં ઈ. સ. 1526નું વર્ષ શાથી મહત્ત્વનું ગણાય છે ?

➢ ઈ. સ. 1526માં બાબરે ભારત પર ચઢાઈ કરી. પાણિપતના મેદાનમાં દિલ્લી સલ્તનતના લોદી વંશના અંતિમ સુલતાન ઈબ્રાહીમ લોદીના લશ્કર સાથે બાબરનું યુદ્ધ થયું. બાબરે આ યુદ્ધમાં તોપોનો ઉપયોગ કર્યો. યુદ્ધમાં ઈબ્રાહીમ લોદી મૃત્યુ પામ્યો અને બાબરનો સંપૂર્ણ વિજય થયો. બાબરે ઈ. સ. 1526માં દિલ્હીની ગાદી પર 'મુઘલવંશ'ની સ્થાપના કરી. આથી ભારતના ઈતિહાસમાં ઈ. સ. 1526નું વર્ષ મહત્ત્વનું ગણાય છે.

10.સુધારાની દષ્ટિએ શેરશાહ અકબરનો પુરોગામી કઈ રીતે હતો?

➢ શેરશાહની પ્રતિભા સર્વતોમુખી હતી. તે એક કુશળ અને કાર્યક્ષમ વહીવટીતંત્રનો પ્રયોજક હતો. તે છેવટ સુધી યુદ્ધમાં પ્રવૃત્ત રહ્યો, છતાં તેણે યુગપ્રવર્તક અને મૂળભૂત સુધારાઓ કર્યા હતા. શેરશાહે ખેતીને સારા પાયા પર મુકવા જે નીતિ અખત્યાર કરી હતી. તે જ નીતિ અકબરે અપનાવી હતી. અકબરેના સલાહકાર ટોડરમલે સુચવેલ જમીન-મહેસુલ પદ્ધતિ શેરશાહના સમયની મહેસુલ પદ્ધતિને મળતી આવે છે. આમ, સુધારા ની દ્રષ્ટિ એ શેરશાહ અકબર નો પુરોગામી હતો.

11.અકબરે શા માટે જજિયાવેરો નાબૂદ કર્યો?

➢ અકબર માનતો હતો કે પ્રજાના સહકાર વિનાનું રાજ્ય ગમે તેટલી લશ્કરી તાકાતવાનું હોય તોપણ નિર્બળ છે. સામ્રાજ્યમાં મોટા ભાગની વસ્તી હિન્દુઓની હતી. હિન્દુઓની વફાદારી, કર્તવ્યનિષ્ઠા અને હૃદયની નિખાલસતાના ગુણો અકબરે પારખ્યો હતો. તેણે રાજપૂતોની શક્તિનો પણ અંદાજ કાઢ્યો હતો. આથી હિન્દુઓને પોતાના કરી લેવા માટે તેણે જજિયાવેરો નાબુદ કર્યો.

12.અકબરે શા માટે જજિયાવેરો નાબૂદ કર્યો?

➢ અકબર માનતો હતો કે પ્રજાના સહકાર વિનાનું રાજ્ય ગમે તેટલી લશ્કરી તાકાતવાનું હોય તોપણ નિર્બળ છે. સામ્રાજ્યમાં મોટા ભાગની વસ્તી હિન્દુઓની હતી. હિન્દુઓની વફાદારી, કર્તવ્યનિષ્ઠા અને હૃદયની નિખાલસતાના ગુણો અકબરે પારખ્યો હતો. તેણે રાજપૂતોની શક્તિનો પણ અંદાજ કાઢયો હતો. આથી હિન્દુઓને પોતાના કરી લેવા માટે તેણે જજિયાવેરો નાબુદ કર્યો.

13.સમ્રાટ અકબરને 'મહાન અકબર' શાથી કહેવામાં આવે છે ?

➢ અકબર એક મહાન વિજેતા હોવા ઉપરાંત કુશળ વહીવટકત, દૂરંદેશીવાળો રાજનીતિજ્ઞ અને સુધારક પણ હતો. રાજા ટોડરમલની મદદથી તેણે જમીન-મહેસૂલ નીતિને કાર્યક્ષમ બનાવી હતી. તેણે શેરશાહની હિન્દુઓ તરફની

સહિષ્ણુ નીતિને સર્વોચ્ચ સ્થાન આપ્યું હતું. તેણે રાજપૂતોને મિત્રો બનાવ્યો, હિન્દુ પ્રજા પરથી જજિયાવેરો અને યાત્રાળુવેરો રદ કર્યો. રાજ્યમાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના હિન્દુઓને ઉચ્ચ અધિકારો આપ્યા. રાજપૂતો સાથે લગ્નસંબંધો બાંધી તેણે એકતાની સ્થાપના કરી. અકબરે 'દીન-ઈલાહી' ધર્મની સ્થાપના કરી પોતાની પચરંગી પ્રજાને એક મંચ પર લાવવાનો પ્રયત્ન કર્યો. આ સર્વ કાર્યોને લીધે સમ્રાટ અકબરને 'મહાન અકબર' કહેવામાં આવે છે.

### 14.અકબરની ધાર્મિક સહિષ્ણુતા તેના આચરણમાં કઈ રીતે દષ્ટિગોચર થતી હતી ?

- અકબર હિન્દુઓ જેવો જ પોશાક ધારણ કરતો. માથે તિલક કરતો, ગળામાં રુદ્રાક્ષની માળા પહેરતો. મુસ્લિમોના પ્રચલિત રિવાજની વિરુદ્ધ જઈ તેણે દાઢી પણ કઢાવી નાખી હતી. સાંજનો દીપક પ્રગટે ત્યારે તે ઊભો થઈને દીવાને વંદન કરતો. મિન, પ્રજાની લાગણીને માન આપીને અમુક દિવસો દરમિયાન તેણે ગૌવધની મનાઈ ફરમાવી હતી. આમ, અકબર ની ધાર્મિક સહિષ્ણુતા તેના આચરણમાં દ્રષ્ટિ ગોચર થતી હતી.

### 15.ઔરંગઝેબને લોકો 'ઝિદા પીર' શાથી કહેતા હતા?

- ઔરંગઝેમમાં કેટલાક પ્રશંસનીય ગુણો હતા. તેનું અંગત જીવન સાદું, સંયમી અને પવિત્ર હતું, તેના જેવી સાદાઈ અને તેનો સ્વાવલંબનનો ગુણ બહુ જ ખોળી વ્યક્તિઓમાં જોવા મળે છે.. પોતે એક વિશાળ સામ્રાજ્યનો માલિક હોવા છતાં તે ટોપીઓ સીવીને તેમજ કુરાનની નકલો કરીને પોતાનું ગુજરાન ચલાવતો. ભોગવિલાસ અને વૈભવ તરફ તેને સખત નફરત હતી. આથી ઔરંગઝેબને લોકો 'ઝિદા પીર' કહેતા હતા.

### 16.શીખોએ મુઘલો સામે શા માટે ક્રાંતિ કરી ?

- શીખ પ્રજા શાંતિપ્રિય હતી. પરંતુ જહાંગીરના સમયમાં પાંચમા ગુરુ અર્જુનનો ખુશરૂને મદદ કરવા માટે વધ કરવામાં આવ્યો હતો. આથી શીખ પ્રજા લડાયક બની. ઔરંગઝેબે ઈ, સ. 1675માં શીખોના નવમાં ધર્મગુરુ તેગબહાદુરનો વધ કરાવ્યો. આથી સમગ્ર શીખ પ્રજા ખળભળી ઊઠી. તેમના પુત્ર અને દસમા શીખ ગુરુ ગોવિંદસિંહે શીખ પ્રજાને શસ્ત્રો ધારણ કરાવ્યાં અને મુઘલો સામે ક્રાંતિ કરી .

### 17.ઔરંગઝેબને રાજપૂતો સાથે સંધિ કરવાની ફરજ કેમ પડી ?

- ઓરંગઝેબે મેવાડના રાજપૂતો સાથે સંબંધો બગાડ્યા હતા. તેણે ચિત્તોડ અને ઉદયપુરનાં મંદિરો તોડી નંખાવ્યાં. આથી જોધપુર અને મેવાડના રાજપૂતોએ ભેગા મળી ઔરંગઝેબની લશ્કરી છાવણીઓ પર વારંવાર ચિતા હુમલાઓ ક્યાં અને તેના લકરને છિન્નભિન્ન કરી નાખ્યું. આથી ઔરંગઝેબને રાજપૂતો સાથે સંધિ કરવાની ફરજ પડી.